# <u>બોન્ડ સોલવંશી/બેંક ગેરેંટી અને બાહેધરી પત્રક બનાવવા માટે અગત્યની સુચનાઓ</u>

## બોન્ડ સોલવંશી/ બેંક ગેરેંટી (બોન્ડ રૂ.૫ લાખ)

(૧) બોન્ડ સોલવંશીમાં રૂ. ૫,૦૦,૦૦૦/-થી ઉપરની માર્કેટ વેલ્યુ ધરાવતી હોય તેવી મિલકતની બોન્ડ સોલવંશી આપવાની રહેશે.

(૨) બોન્ડ સોલવંશીમાં જે જામીનદાર(સ્યોરીટી) રહેલ હોય તેના આધાર કાર્ડ અને લાઇટબીલની નકલ જોડવાની રહેશે.

(૩) બેંક ગેરેંટી કોઇ પણ રાષ્ટ્રીયકૃત બેંકની અથવા છેલ્લા સતત ત્રણ વર્ષથી રૂ.૪૦.૦૦ કરોડ થી વધુ ડિપોઝીટ ધરાવતી રાજ્યની કોઇ પણ શિડ્યુલ બેંકોની અથવા છેલ્લા સતત ત્રણ વર્ષથી રૂ. ૪૦.૦૦ કરોડથી વધુ ડિપોઝિટ ધરાવતી રાજ્યની કોઇ પણ નાગરીક સહકારી બેંકની બેંક ગેરેંટી આપવાની રહેશે. **<u>બેંક ગેરેંટી માટે વેલેડિટી પિરિયડ સાત વર્ષનો રાખવાનો રહેશે.</u>**

## બાહેધરી પત્રક (રૂ.૧૫ લાખ)

(૧) બાહેધરી પત્રક રૂ. ૩૦૦/-ના સ્ટેમ્પ પેપર પર નોટરાઇઝ્ડ કરાવવાનું રહેશે. નોટરાઇઝ્ડમાં ફર્સ્ટ પાર્ટીમાં વિદ્યાર્થીનુ નામ અને સેકન્ડ પાર્ટીમાં Dean Government Medical College નુ નામ રાખવાનું રહેશે.

(૨) બાહેધરી પત્રકમાં બે સ્યોરીટી(જામીનદાર) અને બે વિટનેસ(સાક્ષી) રાખવાના રહેશે. બન્ને સ્યોરીટી જુદા-જુદા સરનામુ હોય તેવા અને જેના નામનુ લાઇટબીલ હોય તેઓને રાખવાના રહેશે. તેમજ વિટનેસમાં પણ જુદા-જુદા સરનામુ હોય અને જેના નામનું લાઇટબીલ હોય તેઓને રાખવાના રહેશે. દા.ત. વિદ્યાર્થીના માતા-પિતા બન્નેને સ્યોરીટીમાં નહી રાખી શકાય. બન્ને માંથી કોઇ એક ને જ સ્યોરીટીમાં રાખી શકાશે. બીજા સ્યોરીટીમાં કોઇ બીજા વ્યક્તિને રાખવાના રહેશે. આજ પ્રમાણે વિટનેસમાં પણ બન્ને જુદા-જુદા સરનામુ હોય તેવા વ્યક્તિને જ રાખવાના રહેશે.

(૩) બાહેધરી પત્રકમાં બન્ને સ્યોરીટી અને બન્ને વિટનેસના આધાર કાર્ડ અને લાઇટબીલની નકલ સાથે જોડવાની રહેશે.

## <u>બીજી અગત્યની સુચનાઓ</u>

૧) બોન્ડ પેપર ગ્રીન પેપરમાં વિધાર્થી શાખામાંથી લેવાના રહેશે.

૨) વેબસાઈટ પર અપલોડ કરેલ બોન્ડ માત્ર જાણકારી માટે છે.